ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ફારૂક બ્લોચ
મો. ૯૮૨૪૫ ૨૭૭૭૩



રાજવીરસિંહ એમ રાઓલ

## મેડિકલમાં આ વર્ષે ૨૫૦ બેઠકો વધતાં કુલ ૩,૩૩૦ બેઠકો

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત રાજ્યમાં આ વર્ષે મેડિકલની બેઠકો વધીને ૩૩૩૦ બેઠકો (સરકારી ઓલ ઈન્ડિયા ક્વોટા સાથે) થવા પામી છે.

ગત વર્ષે જ્યાં ૩૦૮૦ બેઠકો હતી. પરંતુ આ વર્ષે પારૂલ યુનિ.ની નવી મેડિકલ કોલેજ આવતા તેની ૧૫૦ બેઠકો અને એનએચએલ મેડિકલ કોલેજની ૧૦૦ નવી બેઠકો આવતાં ૨૫૦ બેઠકો વધી છે.

મેડિકલ અભ્યાસ માટે ૬ સરકારી કોલેજો, ૭ જીએમઈઆરએસની મળીને ૧૭ ખાનગી કોલેજો સહિત ૨૩ કોલેજોનો સમાવેશ થાય છે. જ્યારે ડેન્ટલમાં બે સરકારી અને ૧૧ ખાનગી કોલેજોની ૧૧૫૫ બેઠકો છે. પેરામેડિકલમા આયુર્વેદિક, હોમિયોપેથી, ફીઝિયોથેરાપી, બીએસસી નર્સિંગ, ઓપ્ટોમેટ્રી, ઓર્થોનોટિક્સ, નેચરોપેથી અને ઓડિયોલોજીની મળીને ૬૦૦૦થી વધુ બેઠકો થાય છે. જોકે આયુર્વેદિકમાં હજુ સુધી એક પણ કોલેજની સેન્ટ્રલ કાઉન્સિલમાંથી આ વર્ષ માટે મંજૂરી આવી નથી એવા સમાચાર છે.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**
**- સંપાદક**



# એમ ડી શાહ વિદ્યાલયમાં યોગ દિવસ

ગાંધીનગર જિલ્લાની માફક વાવોલ ખાતેના એમ.ડી. શાહ પ્રાથમિક વિદ્યાલય ખાતે પણ યોગ દિવસ ઉજવાયો હતો. જેમાં ૪૫૦ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ પરિવારે ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શાળાના જીજ્ઞાબેન સાથરિયાએ બાળકોને યોગ-પ્રાણાયામનું નિદર્શન કર્યું હતું. શાળાના ઓએસ સોનલબા ગોલે યોગ અંગે માહિતી આપતા તેના ફાયદા અને તેનુ ભારતીય સંસ્કૃતિમાં મહત્વ સમજાવ્યુ હતુ.

# મેડિકલ-પેરામેડિકલમાં પ્રવેશ માટેના નિયમો જાહેર કરાયા : પાંચમીથી ઓનલાઈન પ્રક્રિયા

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત સરકારે આખરે મોડે મોડે મેડિકલ-પેરામેડિકલમાં પ્રવેશ માટેના નિયમો મંજૂર કરતા આજે પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ પ્રક્રિયાના નિયમો સાથે પ્રક્રિયાની તારીખો જાહેર કરી દીધી છે. જે મુજબ ૫મી જુલાઈથી બુકલેટ અને પિનવિતરણ સાથે ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થશે. આ વર્ષે પ્રથમવાર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવામાં આવી રહ્યુ છે. જો કે ફોર્મ ભરાયા બાદ એડમિશન ઓફલાઈન ધોરણે જ રૂબરૂ કાઉન્સેલિંગ દ્વારા જ અપાશે.

પ્રવેશ સમિતિ દ્વારા આજે જાહેર કરાયેલા મેડિકલ-પેરામેડિકલના પ્રવેશના નિયમો મુજબ મેડિકલ-ડેન્ટલની સરકારી કોલેજોની ૮૫ ટકા બેઠકો પર અને ખાનગી કોલેજોની ૭૫ ટકા બેઠકો પર (૨૫ ટકા મેનેજમેન્ટ ક્વોટાને બાદ કરતા) કેન્દ્રીય ધોરણે ગુજકેટના આધારે જ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. ખાનગી કોલેજોની મેનેજમેન્ટ ક્વોટાની ૨૫ ટકા બેઠકો નીટના સ્કોરના આધારે ગુજરાતના મેરિટ રેન્કથી જ ભરાશે અને પેરામેડિકલની તમામ બેઠકો ગુજકેટથી જ ભરાશે.

પ્રવેશ સમિતિ દ્વારા ૫મી જુલાઈથી ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરાનાર છે. જે અંતર્ગત ૫મી જુલાઈથી ૧૫મી જુલાઈ સુધી એક્સિસ બેંકની નક્કી કરાયેલી બ્રાંચો પરથી ૧૮૦ રૂપિયાની કિંમતે બુકલેટ અને પિન ખરીદવાના રહેશે તેમજ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. વિદ્યાર્થીઓ પોતાની રીતે પણ રજિસ્ટ્રેશન કરી શકશે અને પ્રવેશ સમિતિ દ્વારા અમદાવાદ, જામનગર, રાજકોટ, વડોદરા, સુરત અને ભાવનગર સહિતની ૬ સરકારી કોલેજો તથા ૭ જીએમઈઆરએસની કોલેજો સાથે ૧૩ કોલેજો ખાતે રખાયેલા હેલ્પ સેન્ટરો પરથી પણ ઓનલાઈન ફોર્મ ભરી શકશે. રજિસ્ટ્રેશન બાદ ૨૫મી જુલાઈએ મેરિટ યાદી જાહેર કરાશે. જ્યારે ૨૯મી જુલાઈથી ઓફલાઈન ધોરણે પ્રથમ એડમિશન રાઉન્ડ શરૂ કરાશે.

# એમબીએ-એમસીએમાં આજથી ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનો આરંભ

## આ વર્ષે એમસીએ લેટરલ સહિતની ૨૩૮૪૭ બેઠકો ગત વર્ષે ૧૪ હજારથી વધુ બેઠકો ખાલી રહી હતી

ગાંધીનગર, તા. ૨૬

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા રાજ્યમા આવેલી એમબીએ-એમસીએ કોલેજોમાં પ્રવેશ માટેની પ્રક્રિયાની આજે જાહેરાત કરી દેવાઈ છે. જે મુજબ એમબીએ-એમસીએમાં ૨૭મીથી ઓનલાઈન સેન્ટ્રલાઈઝડ પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે. આ વર્ષે એમબીએ, એમસીએ અને એમસીએ લેટરલની ૨૩,૮૪૭ બેઠકો ઉપલબ્ધ છે. એમબીએ-એમસીએ અને એમસીએ લેટરલ એટલે કે એમસીમાં બીજા વર્ષમાં પ્રવેશ માટે ૨૭મીથી દેના બેંકની નક્કી કરેલી બ્રાંચમાંથી બુકલેટ અને પિન વિતરણ શરૂ થશે. જે ૪થી જુલાઈ સુધી ચાલશે. ૨૮મીથી ૫મી જુલાઈ સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન થશે અને ૧૧મી જુલાઈએ પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરાશે.

ત્યારબાદ ૧૧મીથી ૧૩મી જુલાઈ સુધી પ્રેક્ટિસ ચોઈસ ફિલિંગ સાથે મોકરાઉન્ડ યોજાશે. જેનું ૧૬મી જુલાઈએ પરિણામ જાહેર કરાશે ત્યારબાદ ૧૮મીથી ૨૧મી જુલાઈ સુધી ફાઈનલ ચોઈસ ફિલિંગ થશે અને ૨૬મી જુલાઈએ મેરિટ અને ચોઈસ ફિલિંગના આધારે પ્રવેશ ફાળવણી જાહેર કરાશે.

આ વર્ષે રાજ્યમાં એમબીએમાં ૧૦૫ કોલેજોની ૧૦,૧૦૦, એમસીએની ૭૫ કોલેજોની ૬૦૭૦ અને એમસીએ લેટરલની ૭૪ કોલેજોની ૭૬૭૭ બેઠકો છે. મહત્વનું છે કે ગત વર્ષે લેટરલ સાથેની ૧૪ હજારથી વધુ બેઠકો ખાલી રહી હતી.



શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. ઉજવણી નિમિત્તે યોગના પ્રયોગો હાથ ધરવામાં આવ્યા હતા, જેમાં વિદ્યાર્થીનીઓ સાથે શિક્ષકો પણ જોડાયાં હતાં.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
જુનૂનિયત
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
રમન રાઘવ
૭.૦૦

**સ્ક્રીન-૩**
ઈન્ડીપેન્ડન્સ ડે (૩ડી, અંગ્રજી)
૨.૪૫, ૭.૪૫
ઈન્ડીપેન્ડન્સ ડે (૩ડી, હિન્દી)
૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
જુનૂનિયત
સવારે ૧૦.૦૦
દાવ થઈ ગયો યાર
(ગુજરાતી)
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
૭ અવર્સ ટુ ગો
૬.૪૫

**સ્ક્રીન-૫**
ઉડતા પંજાબ
૩.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
રમન રાઘવ
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦

## સુવર્ણકાર સમાજનું ગૌરવ



ગાંધીનગર, તા. ૨૬

ગણપત યુનિવર્સિટી દ્વારા ગત એપ્રિલ, ૨૦૧૬માં લેવામાં આવેલી બીઍસસી બીટૅક (આઈટી, આઈઍમઍસ), સૅમેસ્ટર-૪ની પરીક્ષામાં કુ. સંસ્કૃતિ સાશ્વતકુમાર વર્માએ ૯૫.૪ ટકા ગુણ પ્રાપ્ત કરી ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

કુ. સંસ્કૃતિ વર્માએ સુવર્ણકાર સમાજ તથા પોતાના પરિવારનું ગૌરવ વધાર્યું છે એ બદલ સમાજ વતી તેને અઢળક અભિનંદ સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# એનઆરઆઈ ક્વોટા રદ કરવા સામે હાઈકોર્ટમાં રિટ

## મેડિકલમાં એનઆરઆઈ ક્વોટા મામલે અમેરિકાની નાગરિકતા ધરાવતી યુવતી દ્વારા રિટ : હાઈકોર્ટ દ્વારા રાજ્ય સરકારને નોટિસ

ગાંધીનગર, તા. ૨૬

મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી અને અન્ય પેરામેડિકલ કોર્ષના એનઆરઆઈ ક્વોટાને રદ કરતાં રાજ્ય સરકારના વટહુકમને અમેરિકાની નાગરિકતા ધરાવતી યુવતીએ હાઈકોર્ટમાં પડકાર્યો છે. જેમાં હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આર.સુભાષ રેડ્ડી અને જસ્ટિસ વી.એમ. પંચોલીની ખંડપીઠે રાજ્ય સરકાર અને એડવોકેટ જનરલને નોટીસ પાઠવી કેસની વધુ સુનાવણી ૩૦મી જૂનના રોજ મુકરર કરી છે.

અમેરિકામાં ઉછરેલી અને ત્યાં જ શાળાકીય અભ્યાસ કર્યા બાદ અરજદાર યુવતી પ્રાતી પટેલ મૂળ વલ્લભ વિદ્યાનગરની હોવાથી અને તેના દાદા પણ અહીં જ રહેતા હોવાથી તેણે અહીંથી સ્મ્મ્જી કરવાનું વિચાર્યુ હતું. તેથી એનઆરઆઈ ક્વોટા પ્રમાણે પ્રવેશ મેળવવા તેણે કરમસદની મેડિકલ કોલેજમાં પૂછપરછ હાથ ધરી હતી. તેમાં તેને પ્રાથમિક તબક્કે એનઆરઆઈ ક્વોટા પ્રમાણે પ્રવેશ મેળવવાને પાત્ર હોવાનું જણાવવામાં આવ્યું હતું. જો કે, ત્યારબાદ એકાએક સરકારે એક વટહુકમ બહાર પાડીને મેડિકલ, ડેન્ટલ અને અન્ય પેરામેડિકલ કોર્ષ માટેના એનઆરઆઈ ક્વોટાને રદ કર્યો હતો. આ સંજોગોમાં અરજદાર એનઆરઆઈ યુવતીએ એક તરફ કરમસદની કોલેજમાં પ્રવેશ મેળવવાની તક ગુમાવવી પડી હતી, જ્યારે કે તે અમેરિકામાં પણ મેડિકલમાં પ્રવેશ મેળવવાથી વંચિત રહી ગઈ હતી. તેથી યુવતીએ સિનીયર એડવોકેટ ધવલ પટેલ અને એડવોકેટ જીગર પટેલ મારફતે હાઈકોર્ટમાં રિટ કરીને રાજ્ય સરકારના વટહુકમને પડકાર્યો છે.

આ રિટ પિટિશનમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા છે કે, 'સર્વોચ્ચ ન્યાયાલયે એક સીમાચિહ્ન રૂપ ચુકાદો આપ્યા બાદ તેની અસરથી વર્ષ ૨૦૦૫-૦૬થી મેડિકલમાં પ્રવેશ માટે એનઆરઆઈ ક્વોટાની શરૂઆત થઈ હતી. ત્યારે રાજ્ય સરકાર પાસે મનસ્વી રીતે તેને રદબાતલ કરવાની કોઈ સત્તા નથી. ખાસ કરીને પ્રવેશ માટેની આ પદ્ધતિ છેલ્લા દસ વર્ષથી અમલી હોય ત્યારે. એટલું જ નહીં ધારો કે આ પ્રકારના વટહુકમ બહાર પાડવાની રાજ્ય સરકારને સત્તા પણ હોય તો પણ તેઓ વર્ષ ૨૦૧૬-૧૭ના શૈક્ષણિક વર્ષ માટેની પ્રવેશ પ્રક્રિયાના પ્રારંભના ઠીક પહેલાં જ વટહુકમ કરે એ બાબત તદ્દન ગેરવ્યાજબી અને ગેરબંધારણીય છે. છેલ્લી ઘડીએ રાજ્ય સરકારે કરેલા વટહુકમના લીધે અરજદાર જેવા અનેક એનઆરઆઈ છાત્રો ભારે હાલાકીમાં મૂકાયા છે. કેમ કે તેઓ એવી જ ધારણામાં હતા કે એનઆરઆઈ ક્વોટા પ્રમાણે તેઓ પ્રવેશ મેળવવા માટે લાયક છે.'

ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી એનઆરઆઈ ક્વોટાના વિદ્યાર્થીઓ માટે ૧૫ ટકા બેઠકો અનામત રાખવામાં આવતી હતી. પરંતુ હવે આ બેઠકોની ટકાવારી શૂન્ય થઈ ગઈ છે કેમ કે રાજ્ય સરકારે એક વટહુકમ જારી કરીને એનઆરઆઈ ક્વોટાને રદ કર્યો છે. આ રિટમાં હાઈકોર્ટની ખંડપીઠે રાજ્ય સરકારને નોટિસ પાઠવીને સમગ્ર મામલે તેનો પક્ષ સ્પષ્ટ કરવાનો આદેશ કરી વધુ સુનાવણી ૩૦મી જૂનના રોજ રાખી છે. રાજ્યની ૩૦ કોલેજોની ૧૬૯૦ બેઠક પર કમિટી દ્વારા જ પ્રવેશ ફાળવાશે ૨૭જુલાઈએ પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરાશે ૨૧જુલાઈએ મોકરાઉન્ડનું પરિણામ ૫૦% પ્રવેશ માટે રાજ્યના વિદ્યાર્થીઓ માટે ધો-૧૨માં ૫૦ ટકા, અનામત કેટેગરી માટે ૪૫ ટકા ૧૬૯૦ પૈકી ૯૮૦ બેઠકની જ મંજૂરી! આર્કિટેક્ચર માટે ૨૭મીથી પ્રવેશ કાર્યવાહી ઈ ૨૭જૂનથી ૯ જુલાઈ દરમિયાન પીનનું વિતરણ અને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકાશે.

# દિલાવર દિલના પ્રેમાળ પાડોશી મારા

ગાંધીનગરના સૅક્ટર-૨૨માં પ્લોટ નં. ૫૬૧/૧માં હર્ષદભાઈ ગાંધી વસે છે, એ અમારા ગાંધીકાકા. આજે ૭૧ વર્ષની વયે તેઓ સિનિયર સિટિઝન્સ માટે પ્રેરણાસમાન છે અને અમારા જેવા પાડોશીઓ માટે આશીર્વાદસમાન છે.

વહેલી સવારે પોતાના ઘર માટે દૂધ લેવા બહાર નીકળે ત્યારે પાડોશીઓ પણ વિનાસંકોચે એમને પોતાના માટે દૂધ લાવવાનું કહી શકે, કાકા લઈ પણ આવે. આવી જ રીતે વીજળી ખોટકાઈ જવી, ટેલિફોન બંધ થઈ જવો કે રહેણાંક નજીકની ગટરો ઊભરાવી, ઘરમાં બીમારી આવવી વગેરે તકલીફોમાં ગાંધીકાકાને જ અવાજ મળે. ગાંધીકાકા આ તકલીફ પૂરી ન થાય ત્યાં સુધી પ્રવૃત્ત ને સાથે રહે. આવી કોઈ મોટી તકલીફ હોય ને તંત્રનું ધ્યાન દોરવાનું હોય તો અખબારોની કચેરીઓ સુધી જઈને પ્રેસનોટ પણ આપી આવે એવા એ કર્મઠ પણ ખરા.

આવા સેવાભાવી, પ્રેમાળ ને કર્મઠ ગાંધીકાકાને ઈશ્વર સ્વસ્થ દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના !

**- પ્રેમાળ ગાંધીકાકાના પાડોશીઓ**

અમે ખુશનસીબ છીએ કે અમને પલ્લવીબા તથા પ્રદ્યુમનસિંહ વાઘેલા જેવા પરિવાર-કુટુંબના સભ્યથી વિશેષ પાડોશી મળ્યા છે. અમારી બાજુમાં બા-બાપુ એ અમારા માટે ૨૪ કલાકના ૧૦૮ની મદદ અને એટીએમ છે. અમારે કોઈપણ જરૂર હોય કે તકલીફ હોય તે સીદા જ બા-બાપુ છે ને, કદિ અમારું કોઈ કામ અટક્યું નથી. બિલકુલ પ્રેમાળ તથા સામેથી મદદ કરવાની ભાવનાવાળા આવા પાડોશી મળવા બદલ અમે ભગવાનનો આભાર માનીએ છીએ. મારા સસરા હાલ તો હયાત નથી, પણ તેઓ કહેતા ગયા છે કે કદિ બા-બાપુ સાથે સંબંધ ન બગાડશો. અત્યારે તેમના જેવા મદદરૂપ થનારા પાડોશીઓ ખૂબ ઓછા હોય છે. અમારી આ ખુશનસીબી છે. અમને એટલી ખબર છે કે કોઈ કુટુંબીજન કે સગાં મદદ કરશે કે નહીં કરે પણ બા-બાપુ તો અચૂક કરશે જ. હું એક મહિનો વૅકેશનમાં સુરત બાળકો સાથે ગઈ હતી ત્યારે આટલા મોટા માણસ હોવા છતાં મારાં લકવાગ્રસ્ત સાસુને એક મહિના સુધી જમાડ્યાં અને સાચવ્યાં. છતાં ઉપકારનો કોઈ ભાવ નહીં. બાળકો પણ તેમના ચોપડાથી જ ભણે. ભગવાન બા-બાપુને દીર્ઘાયુ બક્ષે. સૌને આવા પ્રેમાળ પાડોશી મળે તેવી પ્રભુને પ્રાર્થના.

**- સુધા બારોટ**

અમારા પાડોશી અમારા માટે ખરેખર પહેલા સગા સાબિત થયા છે. મારાં પત્નીને બ્લડપ્રેશર તેમજ મગજમાં લોહી ન પહોંચવાને કારણે ખેંચ આવતી ને તેઓ અચાનક બેશુદ્ધ થઈ જતાં. આવે વખતે એમને તાત્કાલિક હૉસ્પિટલ ખસેડવા પડતાં ને ત્યારે અમારા પાડોશી અમારી સાથે જ હોય. મારાં પત્ની સંપૂર્ણ સાજાં ન થાય ત્યાં સુધી તેઓ સતત અમારી પડખે રહે.

મારી દીકરીની દીકરી એટલે કે અમારી 'દીકી'ને અમે જેટલો પ્રેમ અને હૂંફ નથી આપતાં એટલી કાળજી તો અમારા પાડોશી રાખે છે. તેને નાસ્તો આપવાનું, મંદિરે લઈ જવાનું કે ભજનમાં લઈ જવાનું કામ પણ ઉત્સાહથી કરે છે. આ આખોય પરિવાર પાડોશીધર્મ બજાવવામાં જરાય ઉણો ઉતરતો નથી. અને અમારી દીકી પણ અમારી સાથે નથી રહેતી એટલી પાડોશી સાથે રહેતી હોય છે. ઉચ્ચ સંસ્કાર ધરાવતા પાડોશીના સંસ્કારોની છાપ પણ અમારી દીકરી પર પડી છે, જેનાથી અમે ખૂબ પ્રભાવિત છીએ.

અમે સામાજિક કારણોસર બહાર જઈએ તો દીકીની કોઈ ચિંતા ન હોય કારણ કે પાડોશી એનું અમારા કરતાં વધારે સારી રીતે ધ્યાન રાખે. આવા પ્રેમાળ પાડોશીને સલામ.

**- ખેમાભાઈ પરમાર**
**સ્વાગત-૪**

'પાડોશી તો નસીબથી જ મળતી ગીફ્ટ છે' રાતના ૧ વાગ્યો હોય અને મારા ઘરમાં કોઈ પ્રોબ્લેમ આવ્યો હોય ત્યારે વગર અવાજ જે મારા ઘરનાં દરવાજે ઉભો હોય તે છે મારો પહેલો સગો એટલે કે પાડોશી.

પોતાના વતનથી આવતા એ પોતાની સાથે તેના ખેતરમાં ઉગેલી મસ્ત મીઠી લીલી મગફળી, લીલી શાકભાજી વિના મંગાવે ખુશી ખુશી લાવે, તેના ઘરે બનાવેલી કોઈ સરસ મજાની વાનગી જે દિલથી આપે તે છે મારો પહેલો સગો એટલે કે પાડોશી. જે મારા અર્થ ને જે સ્વ અર્થ કરતા વધુ મહત્વ આપે તે છે મારો પહેલો સગો એટલે કે પાડોશી. અહીં મારે મારા પાડોશીનું નામ ગુપ્ત રાખવું છે કારણ કે આપણે નામ પરથી ધર્મ નક્કી કરતી પ્રજા છીએ અને પ્રેમને, લાગણીને ધર્મ નથી.

**- મનન પટેલ**

સામાન્ય રીતે સૌને બે પાડોશી હોય છે પરંતુ અમારે પંદર પાડોશી છે મતલબ કે અમારી ગલીમાં સોળ ઘર. પરંતુ, સૌ હળીમળીને રહે છે, પરસ્પર પ્રેમ રાખે છે ને એકમેકના સુખે સુખી ને દુખે દુખી રહે છે.

ગલીની એક બાજુ લોખંડનો દરવાજો છે ને બીજી બાજુ મજબૂત ચોકી પહેરો. ઘર નં. ૯ના ભાઈ અને બહેન બારેય માસ અમારી ઓસરીમાં જ સુએ ને સતત જાગતાં રહે અને ગલીની સંભાળ પણ રાખે. ઘર નં. ૧વાળાં બહેન ઉદ્યમશીલ, પોતે પરીક્ષાના સુપરવિઝન માટે જાય તો ગલી આખીની વહુવારુઓને પણ લઈ જાય અને એમને પૂરક રોજી પણ અપાવે. વળી, એક બહેન ગલીનાં છોકરાઓને સાચવી રાખે. ભાઈ-બહેન બંને માયાળુ, બાળકોને પણ એમની સાથે રહેવું ગમે.

અમારી ગલીમાં ગલી જમાદાર બહેન પણ ખરાં. સૌને સાચવે, સૌનું ધ્યાન રાખે. બિલકુલ નાળિયેર જેવા, ઉપરથી કઠણ ને અંદરથી નરમ, મધુરાં. ગલીમાં બે દીકરીવાળાં ઘર છે એ દીકરીઓ સૌની દીકરી બનીને રહે ને સૌ પણ એમને એટલો જ પ્રેમ ને સન્માન આપે.

અલગ નાત-જાત ને અલગ વ્યવસાયવાળા લોકો હોવા છતાં સૌનો સંપ અનોખો છે. સારા-માઠા પ્રસંગો સૌ સાથે મળીને જ પાર પાડે છે.

ગલીનાં મકાનો નાનાં હોવાથી સંકડાશ ઘણી છે, પણ અહીંના રહેવાસીઓનાં હૃદય બહુ મોટાં છે એટલે સંકડાશ અનુભવાતી નથી.

આવા પ્રેમાળ પાડોશીઓના પાડોશમાં રહેવાનો અમને આનંદ જ નહીં, અભિમાન છે.

**- વિદ્યાબેન વ્યાસ**

મારાં માતા-પિતાની અમે બે દીકરીઓ, બંને પરણીને સાસરે હોવાથી માતા-પિતા એકલાં રહે છે. પરંતુ આ વાતથી અમને કોઈ ચિંતા નથી કે આ વાતનું કોઈ દુખ પણ નથી. કારણ કે બીનાબેન દેસાઈ અને રાજેશભાઈ દેસાઈ અમારા માતા-પિતાના પાડોશી છે, સૉરી... પ્રેમાળ પાડોશી છે. અમારી ગેરહાજરીમાં માતા-પિતાનું સંપૂર્ણ ધ્યાન આ પાડોશીઓ રાખે છે.

ઘણીવાર તો એવું થાય છે કે અમારાં મમ્મીની નાની-મોટી બીમારી આવીને ચાલી જાય તો પણ એની અમને ખબર જ નથી પડતી, કારણ કે બીનાભાભી એ ભાર પોતાને માથે ઉપાડી લીધો હોય છે ને વહન પણ કરી લીધો હોય છે.

અમારાં માતા-પિતા સામાજિક કાર્યોમાં પ્રવૃત્ત છે એટલે ઘણીવાર એવું બને કે મમ્મી ઘરે હોય તો પપ્પા ન હોય ને પપ્પા હોય તો મમ્મી ન હોય, પણ આવી પરિસ્થિતિમાંય બેયને એકબીજાની ચિંતા ન હોય. કારણ કે બીનાભાભી સંભાળ રાખવા માટે હાજરાહજૂર હોય. ખાવાથી માંડીને દવા ને નાની-મોટી સઘળી વસ્તુઓ પણ લાવી આપવાની જવાબદારી બીનાભાભી સહર્ષ સ્વીકારી છે ને એને બખૂબી નિભાવે છે પણ ખરાં. એમની દીકરી મારાં માતા-પિતાને દાદા-દાદી માને છે ને એટલું માન પણ આપે છે. એની સ્કૂલમાં ગ્રાન્ડ પેરેન્ટ્સ ડે ઉજવાય ત્યારે પણ મારાં માતા-પિતાને સાથે લઈ જાય છે. આ દીકરી 'બંસરી' સ્કૂલે જતાં નિયમિત મમ્મી-પપ્પાને બાય કહીને જાય છે.

અમે પિયર જઈએ ત્યારે ખરેખર અમારા સગાં ભાઈ-ભાભી હોય એટલો સ્નેહ તેઓ અમને આપે છે, માત્ર અમને નહીં અમારા પરિવાર માટે પણ તેઓ ખરા અર્થમાં ભાઈ-ભાભી સાબિત થયાં છે.

અને હા, બીનાભાભી અમારા માટે તો જીવતીજાગતી બૅન્ક છે. એમની સાથે ખરીદી કરવા ગયા હોઈએ તો અમને પર્સમાં હાથ જ ન નાંખવા દે, અમારા માટેય બધો ખર્ચ એ જ કરે.

આવી અનેક વાતો ને અનેક પ્રસંગો છે, જે વર્ણવવા બેસું તો છાપુંય ઓછું પડે.

પાડ માનું છું ભગવાનનો કે અમને રાજુભાઈ ને બીનાભાભી પાડોશી તરીકે મળ્યા. એ ન હોત તો અમારા માતા-પિતાનું શું થાત ! એવો વિચાર આવે છે ત્યારે આંખોમાં આંસુ ને દિલમાં એમને માટે વહાલનો દરિયો ઉભરાઈ આવે છે !



**- ગાર્ગી તરુણ ઠક્કર**
**વાવોલ**

પ્રેમાળ પાડોશી મારા
મલકાવી મધુર સ્મિત અધરે
છલકાવી સ્નેહ સરિતા હૃદયે
આવકારે વર્ષાથી અમી નયને
મોટાં મનનાં પ્રેમાળ પાડોશી મારા
રાખી મંગલ કામના મનમાં
સંકટ સમયે રહીને સાથમાં
બની ગયા સદા પ્રથમ સગા
દિલાવર દિલના પ્રેમાળ પાડોશી મારા
લોહીના સંબંધ કરતાં અધિક
સ્નેહ લાગણીના અતૂટ બંધને
પૂર્વજન્મના ઋણાનુબંધને મળી ગયા
શુકનવંતા સદા પ્રેમાળ પાડોશી મારા

**- ઇશ્વરલાલ દેવશંકર જોષી**
**સેક્ટર-૪ ડી**